# પ્રસ્તાવના

સામાન્ય રીતે એક ઉત્તમ, ઉત્કૃષ્ટ અને બુદ્ધિશાળી બાળક મેળવવું/પ્રાપ્ત કરવું એ દરેક માતા-પિતાની ઝંખના હોય છે. બાળક જ્યારે ગર્ભમાં પ્રસ્થાપિત થાય છે, ત્યારથી જ તે નવી વસ્તુઓ અને સંસારમાં જીવન જીવવાની કલા શીખવાનું શરૂ કરી દે છે. જેમ-જેમ ગર્ભસ્થ શિશુનો વિકાસ થાય, તેમ-તેમ તેનામાં જિજ્ઞાસા પ્રકાશના વેગે વિકસિત થવા લાગે છે. આ જિજ્ઞાસા એ બીજમાંથી ફૂટેલા અંકુરસમાન છે. જો તેને યોગ્ય પ્રકાશ અને વાતાવરણ મળે તો એ અંકુરિત બીજ છોડમાં અને સમય જતાં ઘટાદાર વૃક્ષમાં પરિણમે છે. અહીં, બાળક માટે 'યોગ્ય પ્રકાશ' એટલે જ્ઞાન અને 'યોગ્ય વાતાવરણ' એટલે માતા-પિતાની હૂંફ. તો ચાલો, સાથે મળીને આપણા બાળકને એ જ્ઞાન અને હૂંફ આપીએ...

વિદ્વાન બાળકની પ્રાપ્તિ હેતુ માતા-પિતાએ પણ પોતાના તરફથી થોડો પુરુષાર્થ કરવો પડે છે, પરંતુ ચિંતા કરવાની જરૂર નથી, આ પુસ્તક તમારા શિશુના સર્વાંગી વિકાસમાં સહભાગી બની આપને ઉત્તમ સંતાન પ્રાપ્ત કરવામાં અવશ્ય મદદરૂપ થશે. આમ તો આ પુસ્તક વિના પણ તમારું બાળક ઉત્તમ જ હોવાનું, પરંતુ ગર્ભાવસ્થા દરમિયાન એવો પણ સમય આવશે જ્યારે રોજ તમારા વહાલા શિશુ સાથે વાતો કરવા માટે તમને પૂરતા શબ્દો નહીં મળે. જો આવા સમયે તમારી પાસે આ પુસ્તક હશે, તો તમે અવશ્ય તમારા અંશ સાથે સંવાદ સાધી શકશો અને તેને જ્ઞાનથી સિંચી શકશો.

આ પુસ્તક બાળકને માતા-પિતા સાથે જોડવાનો એક નમ્ર પ્રયાસ છે. બાળકને એ અનુભવ કરાવવાનો કે તેનાં માતા-પિતા તેને કેટલો પ્રેમ કરે છે અને તે તેમનું સર્વસ્વ છે, તેવી પ્રતીતિ કરાવવાનો આ ઉપક્રમ છે. આ પુસ્તકના માધ્યમથી તમે ગર્ભસંવાદ કરતી વખતે જ બાળકને ઉત્તમ ગર્ભસંસ્કાર આપશો અને તેની સાથે એક અતૂટ ભાવનાત્મક જોડાણ (Emotional Bonding) ઊભું કરી શકશો.

ગર્ભસંસ્કારનો સરળ અર્થ છે– 'સદ્‌ગુણોનો ઉમેરો કરવો અને દુર્ગુણો કે વિકારોને દૂર કરવા.' ગર્ભસંસ્કાર ઉત્તમ બાળકનું સર્જન કરી શકે છે, આ વાતથી આપણે સહુ પરિચિત છીએ. આપણી સમક્ષ એવાં અનેક ઉદાહરણો છે, જેમાં માતાએ આપેલા જ્ઞાન થકી સંતાનોએ ઇતિહાસમાં પોતાનું નામ અમર કરી દીધું છે. આમાં ભક્ત પ્રહ્‌લાદનું નામ હંમેશાં મોખરે આવે છે. પ્રહ્‌લાદનો જન્મ ભલે રાક્ષસ કુળમાં થયો હતો, પરંતુ તેઓ પરમ વિષ્ણુભક્ત બન્યા, કારણ કે જ્યારે તેમનાં માતા કયાધુ ગર્ભવતી હતાં, ત્યારે તેમણે મહર્ષિ નારદનો સંગ કર્યો હતો અને તેમના ઉપદેશો શ્રવણ કર્યા હતા. પરિણામે, ગર્ભમાં રહેલા પ્રહ્‌લાદના મનમાં જન્મ પહેલાં જ ભગવાન વિષ્ણુ પ્રત્યે અખૂટ શ્રદ્ધા જાગી હતી. બીજી પ્રચલિત કથા આપણને મહાભારતમાંથી મળે છે, જ્યાં વીર અભિમન્યુએ માતા સુભદ્રાના ગર્ભમાં રહીને જ ચક્રવ્યૂહ ભેદવાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

વિજ્ઞાન અને ટેકનૉલૉજીના આ આધુનિક યુગમાં પણ ગર્ભસંસ્કારનું મહત્ત્વ એટલું જ અકબંધ છે જેટલું પ્રાચીન સમયમાં હતું. આજે વિશ્વનાં અનેક પ્રતિષ્ઠિત રિસર્ચ જર્નલ્સમાં ગર્ભસંસ્કાર અને પ્રિ-નેટલ એજ્યુકેશન (Pre-natal Education) વિશે સંશોધનપત્રો પ્રકાશિત થાય છે, અને વિજ્ઞાન પણ સ્વીકારે છે કે ગર્ભસ્થ શિશુને આ પ્રક્રિયાથી અદ્‌ભુત લાભ થાય છે. બાળક ગર્ભમાં જે કંઈ પણ શીખે છે, એ જ્ઞાન કાયમ માટે તેના અચેતન મનમાં સંગ્રહિત થઈ જાય છે. જો આજના 'મૉડર્ન યુગ'ની ભાષામાં વ્યાખ્યાયિત કરીએ તો, ગર્ભસંસ્કાર એ બાળકના મગજનું 'કોડિંગ' (Coding) છે! જેમ એક સૉફ્ટવેર ડેવલપર શ્રેષ્ઠ પરિણામ મેળવવા માટે યોગ્ય કોડિંગ કરે છે, તેમ ગર્ભસંસ્કાર એ મનવાંછિત અને ગુણવાન બાળક પ્રાપ્ત કરવાનું દૈવી કોડિંગ છે. સૉફ્ટવેર ડેવલપર જેમ કીબોર્ડ કે માઉસ જેવા ઇનપુટ ડિવાઇસનો ઉપયોગ કરે છે, તેમ બાળકના મગજને પ્રોગ્રામ કરવાનું આપણું ઇનપુટ ડિવાઇસ એટલે 'ગર્ભસંવાદ'.

સામાન્ય રીતે ગર્ભાવસ્થાના ૧૮મા સપ્તાહથી બાળકની શ્રવણશક્તિ વિકસિત થઈ જાય છે. આ સમયગાળા પછી બાળક તેની માતાનો અવાજ અને આસપાસના ધ્વનિ સાંભળી તેમ જ સમજી શકે છે. માટે, ૧૮મા સપ્તાહથી જ રોજ કંઈક નવું અને સકારાત્મક જ્ઞાન પીરસીને બાળકને તેજસ્વી બનાવીએ. આવો, ગર્ભસંવાદ થકી બાળકના મગજનું શ્રેષ્ઠ કોડિંગ કરીએ અને એક ઉત્તમ, ઉત્કૃષ્ટ તથા બુદ્ધિશાળી સંતાન મેળવીએ.

આ પુસ્તકમાં શિશુને સનાતન ધર્મનું સરળ જ્ઞાન આપવામાં આવ્યું છે અને સનાતન ધર્મ કઈ રીતે વિજ્ઞાન સાથે જોડાયેલો છે તેની તાર્કિક સમજૂતી આપી છે. પુસ્તકમાં ધર્મ, ભગવાન વિષ્ણુના દશાવતાર, સૃષ્ટિની ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિ (Evolution)નો વિષ્ણુના અવતારો સાથેનો સંબંધ ધાર્મિક તેમ જ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજાવવામાં આવ્યો છે. આ સિવાય માનવજાતનો વિકાસ, ભાષાનું મહત્ત્વ અને સજીવ-નિર્જીવ વચ્ચેનો મુખ્ય તફાવત એટલે કે ચેતના (Consciousness)ને ખૂબ જ સરળ શૈલીમાં પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

તો શું તમે તૈયાર છો, એક ઉત્તમ, ઉત્કૃષ્ટ અને 'સુપર ઇન્ટેલિજન્ટ' બાળકને આ પૃથ્વી પર આવકારવા? આજે વિશ્વના ઘણા દેશોમાં 'જિનેટિકલી મૉડિફાઇડ બેબીઝ' (Genetically Modified Babies) એટલે કે ડિઝાઇનર ચાઇલ્ડ મેળવવા માટે પ્રયોગો થઈ રહ્યા છે. ભલે આ ટેકનૉલૉજી હજુ સામાન્ય માણસની પહોંચ બહાર હોય, પરંતુ આપણા શાસ્ત્રોક્ત જ્ઞાન અને ગર્ભસંસ્કારના વિજ્ઞાન થકી આપણે આજે પણ મનવાંછિત ગુણો ધરાવતું સંતાન પ્રાપ્ત કરી શકીએ છીએ. આ પુસ્તક એ લાગણીઓને શબ્દો આપી, બાળક સાથે અર્થપૂર્ણ સંવાદ સાધવાનો એક પવિત્ર પ્રયાસ છે.

# ગર્ભયાત્રા પાછળની એક દિવ્ય કહાની

પ્રિય વાચકો,

હું આમ તો સતત લેખનકાર્ય સાથે જોડાયેલો રહ્યો છું, જેમાં સાયન્સ ફિક્શન (Sci-Fi) નૉવેલ તેમ જ અનેક સાહિત્યિક નવલકથાઓનું મેં સર્જન કર્યું છે. લેખન હંમેશાં મારી અભિવ્યક્તિનું માધ્યમ રહ્યું છે, પરંતુ જ્યારે રુચિએ ગર્ભધારણ કર્યો, ત્યારે મારા લેખનને એક તદ્દન નવો, પવિત્ર અને અણધાર્યો વળાંક મળ્યો.

ગર્ભાવસ્થા દરમિયાન અમે બજારમાં એવું પુસ્તક શોધવાનો ખૂબ પ્રયત્ન કર્યો જે માતા-પિતાને રોજબરોજનું, એક-એક દિવસનું ચોક્કસ ગર્ભસંસ્કાર અને ગર્ભસંવાદનું જ્ઞાન આપી શકે, પરંતુ, બજારમાં ઉપલબ્ધ પુસ્તકોમાંથી અમને એવું કોઈ માર્ગદર્શન ન મળ્યું જે આ દિવ્ય પ્રક્રિયાને દૈનિક સ્તરે સહજ બનાવી શકે. બસ, એ જ ક્ષણે મારા અંતરમાં એક વિચાર ઝબક્યો– *“હું પોતે જ એક લેખક છું, તો હું જ કેમ મારા આવનારા બાળક માટે જાતે જ રોજબરોજના ગર્ભસંસ્કારનું આલેખન ન કરું?”* આ એક જ વિચારે આ પુસ્તકનું બીજ રોપ્યું. મેં રોજ એક-એક દિવસનો સંવાદ લખવાનું શરૂ કર્યું અને મારા બાળકને ગર્ભમાં જ સંસ્કારોનું સિંચન કર્યું. આજે એ જ જ્ઞાનયજ્ઞ પુસ્તક સ્વરૂપે આપની સમક્ષ છે, જેથી અન્ય માતા-પિતા પણ પોતાના સંતાનને આવું જ દિવ્ય માર્ગદર્શન આપી શકે.

ગર્ભસંસ્કાર અને ગર્ભસંવાદ પર આધારિત આ પુસ્તક માત્ર મારા વિચારોનું સંકલન નથી, પરંતુ ઈશ્વરીય સંકેતો, અસીમ ધૈર્ય અને એક માતાની અપ્રતિમ હિંમતની જીવંત સાક્ષી છે. આ પુસ્તકના સર્જન પાછળ જે સત્ય ઘટના છુપાયેલી છે, તે આજે હું આપની સમક્ષ અત્યંત ભીની આંખે અને કૃતજ્ઞ હૃદયે મૂકી રહ્યો છું.

પરંતુ આ પુસ્તક આકાર પામ્યું તે પહેલાં, મારા અને મારી પત્ની રુચિના જીવનમાં એક ભારે કપરો સમય આવ્યો હતો. મારા વહાલસોયા પુત્ર ‘દ્વિજ’ના જન્મ પહેલાં રુચિને બે વખત ગર્ભપાત (Miscarriage)નું અસહ્ય દુઃખ સહન કરવું પડ્યું હતું. બે-બે વખત માતૃત્વ ગુમાવ્યા પછી પણ તેણે હિંમત ન હારી. મેં તેને સંપૂર્ણ સ્વતંત્રતા આપી હતી કે જો તેની સ્વેચ્છા હશે તો જ આપણે ફરીથી સંતાન માટે પ્રયત્ન કરીશું; નહીંતર હું તેના વિના પણ એટલો જ ખુશ રહીશ, કારણ કે હું તેને વધુ શારીરિક અને માનસિક કષ્ટ આપવા નહોતો માગતો, પરંતુ ધન્ય છે રુચિની એ માતૃશક્તિને, જેણે તમામ ડર પર વિજય મેળવીને ફરી એક વાર ગર્ભધારણ કરવાનો દૃઢ નિર્ણય કર્યો.

આ ત્રીજી ગર્ભયાત્રા દરમિયાન અમે હનુમાનજીના એક પવિત્ર મંદિરની મુલાકાત લીધી. ત્યાં હનુમાનજીદાદા સમક્ષ અમારી પરેશાની હૃદયપૂર્વક મૂકી અને પૂજારીજીના માર્ગદર્શન મુજબ રુચિએ બાળકના રક્ષણ અર્થે ‘ગોળ અને હિંગ’ની પવિત્ર બાધા લીધી. દાદાના આશીર્વાદ સાથે અમારી સફર અને મારું આ રોજબરોજનું લેખનકાર્ય સાથે-સાથે આગળ વધવા લાગ્યાં.

પરંતુ કુદરત હજુ અમારી ભક્તિ અને ધૈર્યની કસોટી કરવા માગતી હતી. લગભગ ૮ સપ્તાહના ગર્ભધારણ બાદ, એક દિવસ હું કંપનીમાં બીજી પાળીની નોકરી પર હતો (સમયઃ બપોરે ૨થી રાત્રે ૧૦). સાંજના સમયે અચાનક મારા અંતરમાંથી એક ભારે બેચેની અને અત્યંત ખરાબ અનુભૂતિ થવા લાગી. મારું મન વ્યાકુળ થઈ ગયું. અંદરના કોઈ અદૃશ્ય અવાજે મને પ્રેર્યો અને હું અડધી રજા (Half Leave) મૂકીને સાંજે ૬ વાગ્યે જ ઘરે આવી ગયો. અચાનક મને ઘરે આવેલો જોઈને મારી માતા અને રુચિએ મને ટોક્યો પણ ખરો કે, *'અત્યારથી રજાઓ શું કામ બગાડે છે? આગળ જતા જ્યારે જરૂર પડશે ત્યારે રજાઓ ક્યાંથી લાવીશ?'* પણ તે સમયે હું અંદરથી એટલો અસ્વસ્થ હતો કે કશું જ બોલ્યા વિના માત્ર હા પાડીને બેસી રહ્યો.

બધાં હજુ રાત્રિના ભોજનની તૈયારી જ કરતાં હતાં ત્યાં અચાનક રુચિ ઊભી થઈને બાથરૂમ તરફ ઝડપથી દોડી. મને લાગ્યું કે ગર્ભવતી હોવાને કારણે કદાચ ઉલટી થઈ હશે, પણ થોડી જ ક્ષણોમાં જ્યારે તે બહાર આવી, ત્યારે તેનો ચહેરો એકદમ ફિક્કો પડી ગયો હતો. તેણે ભીની આંખે મારી સામે જોયું અને ધ્રૂજતા અવાજે કહ્યું– *"બ્લીડિંગ (લોહી વહેવું) શરૂ થયું છે..."*

આ સાંભળતાં જ અમારા પગ નીચેથી જમીન સરકી ગઈ. એ રવિવારનો દિવસ હતો અને અમારા નિયમિત ગાયનેકોલૉજિસ્ટ ડૉક્ટર દેશની બહાર (Out of India) ગયા હતા. મેં તાત્કાલિક અનેક હૉસ્પિટલોમાં ફોન કર્યા, પણ રવિવાર હોવાને કારણે ક્યાંયથી આશાનું કિરણ ન દેખાયું. ઘરે બેસી રહેવાથી પરિસ્થિતિ વધુ બગડી શકે તેમ હતી, એટલે હું રુચિને સ્કૂટર પર પાછળ બેસાડીને ઈશ્વરભરોસે નીકળી પડ્યો. રસ્તામાં એક હૉસ્પિટલમાંથી જવાબ મળ્યો કે, *"તમે અત્યારે આવી જાઓ, અહીં નર્સ તપાસ કરશે અને પછી જરૂર પડશે તો ડૉક્ટરને બોલાવીશું."*

બીજો કોઈ વિકલ્પ ન હોવાથી હું ઝડપથી સ્કૂટર એ તરફ દોડાવી રહ્યો હતો. એ જ ઉતાવળમાં હૉસ્પિટલની સામે આવતો રોડ ડિવાઇડરનો કટ (વળાંક) મારાથી ચૂકી જવાયો અને મારે સ્કૂટર આગળ સુધી લંબાવવું પડ્યું, પરંતુ કહેવાય છે ને કે, 'કુદરત જે કરે છે તે સારા માટે જ કરે છે.' એ ખોટા વળાંકને કારણે મારી નજર અચાનક રસ્તાના કિનારે આવેલા એક ઘર પર પડી, જ્યાં બહાર બોર્ડ મારેલું હતું– 'પ્રસૂતિગૃહ'.

મેં ત્વરિત ત્યાં સ્કૂટર ઊભું રાખ્યું અને અંદર દોડીને નર્સને પૂછ્યું, *"બહેન, તાત્કાલિક સોનોગ્રાફી થઈ શકશે?"* નર્સે પહેલાં તો નિયમ મુજબ ના પાડી, પણ મેં અમારી ગંભીર પરિસ્થિતિ વિશે સમજાવ્યું એટલે તેણે કહ્યું કે, *"ડૉક્ટર ઉપર જમવા ગયા છે, હું પૂછી જોઉં."* મારો અંદાજ સાચો પડ્યો, ડૉક્ટર એ જ હૉસ્પિટલની ઉપરના માળે રહેતા હતા. થોડી જ વારમાં એક અતિ વૃદ્ધ મહિલા ડૉક્ટર નીચે આવ્યાં. તેમનો ચહેરો જોતાં જ સમજાઈ ગયું કે તેમનો તબીબી અનુભવ કદાચ અમારી ઉંમર કરતાં પણ વધારે હશે.

તેમણે તરત સોનોગ્રાફી કરી અને ગંભીર ચહેરે જણાવ્યું કે, *'સેપ્રેશન (Separation) થયું છે.'* એટલે કે

ગર્ભાશયની દીવાલ પ્લેસેન્ટા (ગર્ભનાળ) પાસેથી છૂટી પડી રહી હતી, જે ગર્ભસ્થ શિશુ માટે અત્યંત જોખમી હતું. જો થોડી મિનિટો મોડું થયું હોત, તો કદાચ બધું જ પૂરું થઈ ગયું હોત, પરંતુ એ વડીલ ડૉક્ટરે વિલંબ કર્યા વિના તાત્કાલિક ઇમરજન્સી સારવાર શરૂ કરી દીધી અને ચમત્કારિક રીતે બધું જ સલામત (ઓકે) થઈ ગયું!

એ રાત્રે મને સમજાયું કે મારું કંપનીમાંથી અડધી રજા મૂકીને વહેલા ઘરે આવવું, એ કોઈ અકસ્માત નહોતો, પણ સ્વયં કુદરત, અમારા ઇષ્ટદેવ, માતાજી અને હનુમાનજી મહારાજની દિવ્ય યોજના અને હુકમ હતો. તે દિવસે જો ડિવાઇડરનો વળાંક ન ચુકાયો હોત, તો અમને એ દિવ્ય ડૉક્ટર ક્યારેય ન મળ્યાં હોત. સત્ય જ કહેવાયું છે ને કે– *"રામ રાખે તેને કોણ ચાખે!"*

આમ, અમારા વહાલસોયા દીકરાને ગર્ભમાં જ એક નવું જીવનદાન મળી ગયું હતું. ત્યાર બાદ પૂરા માસે, યોગ્ય સમયે મીન રાશિ આવતાં અમે તેનું નામ રાખ્યું– 'દ્વિજ' (જેનો અર્થ થાય છે : જેનો બીજો જન્મ થયો હોય).

આ પુસ્તક તે જ 'દ્વિજ'ની દિવ્ય ગર્ભયાત્રા દરમિયાન અનુભવેલા અને રોજિંદા સ્તરે અપાયેલા ગર્ભસંવાદોનું અમૃત છે. હું મારી પત્ની રુચિનો હૃદયપૂર્વક આભાર માનું છું, જેણે પોતાની અપ્રતિમ હિંમતથી અમારા કુળનો દીપક પ્રગટાવ્યો. આ પુસ્તક હવે સમાજના દરેક એવાં માતા-પિતા માટે માર્ગદર્શિકા બને જેઓ પોતાના બાળકને શ્રેષ્ઠ સંસ્કારો આપવા માગે છે, એ જ અભિલાષા સાથે આ કૃતિ આપનાં ચરણોમાં ધરી રહ્યો છું.

મારા પૂજનીય માતા-પિતા, મારા જીવનના પ્રત્યેક વળાંકે મને પ્રેમ, માર્ગદર્શન અને અવિચળ ટેકો આપવા બદલ હું આપનો હૃદયપૂર્વક આભાર માનવા ઇચ્છું છું. તમે મારા સુખ અને સફળતા માટે જે ત્યાગ અને પરિશ્રમ કર્યો છે, તેની સરખામણી આ દુનિયાની કોઈ પણ વસ્તુ સાથે થઈ શકે તેમ નથી. હંમેશાં મારામાં વિશ્વાસ રાખવા બદલ હું આપનો સદાય આપનો ઋણી રહીશ. તમારી છત્રછાયામાં જે સુરક્ષા અને વાત્સલ્ય મને મળ્યા છે, તે જ મારી સૌથી મોટી મૂડી છે. હું ઈશ્વરનો આભાર માનુ છું કે મને આપના જેવા સંસ્કારી અને પ્રેમાળ માતા-પિતા મળ્યા. આપનો ખૂબ ખૂબ આભાર!

**– અક્ષય બાવડા**